અલ્લાહની કસમ! તે મોમિન નથી, અલ્લાહની કસમ! તે મોમિન નથી, અલ્લાહની કસમ! તે મોમિન નથી», પૂછવામાં આવ્યું: કોણ હે અલ્લાહના પયગંબર? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «જેની તકલીફથી તેનો પાડોશી સુરક્ષિત ન હોય

અબૂ શુરૈહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «અલ્લાહની કસમ! તે મોમિન નથી, અલ્લાહની કસમ! તે મોમિન નથી, અલ્લાહની કસમ! તે મોમિન
નથી», પૂછવામાં આવ્યું: કોણ હે અલ્લાહના પયગંબર? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ
કહ્યું: «જેની તકલીફથી તેનો પાડોશી સુરક્ષિત ન હોય».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કસમ ખાઈને કહ્યું અને વાતમાં તાકીદ માટે ત્રણ વખત કસમ ખાધી, કહ્યું: અલ્લાહની કસમ તે મોમિન નથી, અલ્લાહની કસમ તે મોમિન નથી, અલ્લાહની કસમ તે મોમિન નથી, સહાબાઓએ સવાલ કર્યો કે કોણ અલ્લાહના રસૂલ મોમિન નથી? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જવાબ આપ્યો કે જેનો પાડોશી તેની ખિયાનત, તેના અત્યાચાર અને બુરાઇથી ડરતો હોય.

http://sunnah.global/hadeeth/gu/show/66268